# અબ કી બાર... ગરીબ કી સરકાર : અલ્પેશનો હુંકાર

## ઓબીસી નેતા અલ્પેશ ઠાકોર અંતે રાહુલ ગાંધી સહિતના નેતાઓની હાજરીમાં વિધિવત્ રીતે કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા

ગાંધીનગર,તા. ૨૩

ઓબીસી નેતા અલ્પેશ ઠાકોર આજે કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સહિતના દિગ્ગજ નેતાઓની હાજરીમાં ગાંધીનગરના રામકથા મેદાન ખાતે વિધિવત્ રીતે કોંગ્રેસમાં જોડાયા હતા. કોંગ્રેસનો ખેસ પહેર્યા બાદ ઓબીસી નેતા અલ્પેશ ઠાકોરે ઉપસ્થિત લાખો કાર્યકર્તાઓ અને વિશાળ જનમેદનીને આહ્વવાહન કરતાં જણાવ્યું કે, દો હજાર સતરા, ભાજપ કો ખતરા. આ વખતની ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ભાજપને મ્હાત આપી અબ કી બાર, કોંગ્રેસ કી સરકાર. અલ્પેશ ઠાકોરે આ વખતની ચૂંટણીમાં કોંગ્રેસને જીતાડવા લાખો કાર્યકર્તાઓને અનુરોધ કર્યો હતો. આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને ૧૨૫થી વધુ બેઠકો મળવાનો પણ અલ્પેશે દાવો કર્યો હતો. નવસર્જન જનાદેશ સંમેલનમાં જણાવ્યું હતું.

છેલ્લા સાત વર્ષથી આપણી વાત ભાજપ સરકાર સાંભળી રહી ન હતી. ગુજરાતમાં આ વખતે એક એવી સરકાર લાવવી છે કે પછી આપણે આંદોલન કરવાની જરૂર ના પડે. અનેક પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે કે, કોંગ્રેસ સાથે શા માટે જોડાયા? રાજનીતિમાં જવાનો કોઇ વિચાર ન હતો પરંતુ સરકારે અમારી, અમારા સમાજની વાતો-માંગણીઓ ના સ્વીકારી એટલે જાહેરજનતાનો સર્વે કરી જનાદેશ મેળવ્યો અને તેમાં ૨૦ લાખ લોકોએ રાજનીતિમાં જવા અને કોંગ્રેસમાં જોડાવા માટે જનાદેશ આપ્યો હતો અને તેથી આખરે કોંગ્રેસમાં જોડાવવાનો નિર્ણય લીધો. કોંગ્રેસ પાર્ટીની વિચારધારા એ ગરીબો, ખેડૂતો અને ઓબીસી-દલિત સમાજની વિચારધારા છે. કોંગ્રેસ સામાન્ય જનતા માટે લડતી પાર્ટી છે. તે ભાજપની જેમ સ્વાર્થી અને પ્રજાવિરોધી રાજનીતિ નથી કરતી. રાજ્ય સરકાર પાસે શિક્ષણની વ્યવસ્થા, દારૂબંધી, રોજગારી સહિતની માંગણીઓ મુદ્દે વારંવાર રજૂઆતો કરવામાં આવી પરંતુ સરકારે એક પણ વખત વાતચીત સુધ્ધાં અમને બોલાવાયા નહી. ગુજરાતમાં જે પ્રકારનો માહોલ સર્જાયો છે, તેમાં રાજકીય નિર્ણય લેવાનો ન હતો પરંતુ સરકારે વાત ના માને તો શું કરવું તેની વ્યૂહરચનાના ભાગરૂપે સોશ્યલ મીડિયા, ડોર ટુ ડોર, ટેલિફોનીક ચર્ચા સર્વે કરાવાયો હતો, જેમાં ગુજરાતની જનતાએ જ સમાજના હિત અને હક્કોની રક્ષા માટે રાજનીતિમાં જવા અને કોંગ્રેસમાં જોડાવા સૂચન કર્યું હતું. ગુજરાતની ભાજપ સરકાર તમામ મોરચે નિષ્ફળ ગઇ છે.



## જનાદેશ સંમેલનની સાથે સાથે...

- સે-૧૧ રામકથા મેદાન ખાતે આયોજીત જનાદેશ સંમેલનમાં સવારે ૧૦ કલાકે થી જ ઠાકોર સેનાના કાર્યકરો અને હોદેદારો આવવાની શરુઆત થઈ ગઈ હતી.
- શહેરમાં સવારથી જ મેળા જેવો માહોલ જોવા મળ્યો હતો.
- પથિકાશ્રમની પાછળ આવેલ બજાર તંત્ર દ્વારા બંધ રખાયું હતું.
- રાજયભરમાંથી ઠાકોર સમાજના ભાઈઓ ગાડીઓ લઈને આવતા રામકથા મેદાન આસપાસના માર્ગો તેમજ સેકટરો પાર્કિંગ પેલેસ બન્યા હતા.
- મેં હું અલ્પેશની ટોપીઓ પહેરીને મોટીસંખ્યામાં કાર્યકરો ગ્રાઉન્ડમાં નજરે પડ્યા હતા.
- શહેરમાં ઠેરઠેર નવસર્જન ગુજરાત અને જનાદેશના હોંડીગ્સ તેમજ બેનરો લાગેલા નજરે પડ્યા હતા.
- રાજયભરના ગામમાંથી આવેલ કાર્યકરો ઢોલી સાથે લઈને આવ્યા હતા, તો કેટલાક ડીજે તેમજ શરણાઈના શુરો રેલાવતા અનેરો માહોલ જોવા મળ્યો હતો.
- ગરમી હોવા છતા માનવ ભીડ ગ્રાઉન્ડમાંથી જરા પણ હટી નહોતી.
- જનાદેશ સંમેલનમાં પધારેલા કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ જયમાતાજી કહીને ભાષણનો પ્રારંભ કર્યો હતો.
- અમદાવાદથી સભા સ્થળે આવતા અલ્પેશ ઠાકોર અને રાહુલ ગાંધી બાળકો સાથે હાથ મિલાવવા માટે ગાડીમાંથી નીચે ઉતરી ગયા હતા.
- રાહુલ ગાંધીએ સ્ટેજ પર ઠાકોર સમાજની દિકરીઓ ઘરેથી લાવેલ ડુંગરી, મરચા અને રોટલાનો સ્વાદ માણ્યો હતો.



- સંમેલનના ભાષણમાં ઠાકોર સમાજના આગેવાનોના નામ આવતા કાર્યકરો તાળીઓથી વધાવી લીધા હતા.
- ઠાકોર સમાજના ગાયક કલાકારો તેજલ ઠાકોર અને રોહિત ઠાકોરે ગીત ગાઈને સૌને ડોલાવ્યા હતા.
- સાંસ્કૃતિ કાર્યક્રમ માટે સભા સ્થળે આગવુ સ્ટેજ બનાવવામાં આવ્યું હતું.
- અલ્પેશ ઠાકોરે પોતાના ભાષણ બાદ રાહુલ ગાંધીનો જયજયકાર કરાવ્યો.
- શહેરના માર્ગો, સર્કલો પર ક્ષત્રિય સેના અને કોંગ્રેસના ધ્વજ લહેરાતા નજરે પડતા હતા.
- સભા સ્થળ પર તંત્ર દ્વારા મોબાઈલ ટોઈલેટની સુવિધા કરાઈ હતી
- પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી કાર્યકરોને પાણીના પાઉચ ખરીદી માટે દુરદુર સુધી જવાનો વારો આવ્યો હતો.




જનાદેશ સંમેલનમાં પરંપરાગત નૃત્ય માટે ખાસ સાણંદ પાસે આવેલ દેવતી ગામમાંથી ૪૦થી વધુ કલાકારોની ટીમ બોલાવવામાં આવી હતી. આ ટીમ દ્વારા ગીત-સંગીતના તાલે રાહુલ ગાંધીનું સ્વાગત કરાયું હતું.

- સભા સ્થળે ગાંધીનગર સિવિલ તંત્ર દ્વારા ૩ મેડીકલ ટીમ તૈનાત રાખવામાં આવી હતી.
- સે-૧૧ રામકથા મેદાન ખાતે સભા હોવાથી ચા-નાસ્તાની લારીઓ લઈને વેપારીઓ આવી પહોચ્યા હતા.
- કાર્યકરોએ ઢોલ સાથે આવતાની સાથે જ ગ્રાઉન્ડમાં ગુલાલની છોળો ઉડાડી હતી.
- ગરમી લાગતા કાર્યકરો વૃક્ષોનો સહારો લઈને બેસેલા નજરે પડ્યા હતા.
- કેટલાક કાર્યકરોએ બિલ્ડીંગ તેમજ વાહનો પર બેસી સભા નિહાળી હતી.
- સભામાં ટ્રાફિક નિયમન અને અન્ય કોઈને તકલીફ ન પડે તે માટે ક્ષત્રિય સેનાના ૨૦૦૦ સ્વંય સેવકો ખડેપગે હાજર રહ્યા હતા.
- દરેક કાર્યક્રમ કરતા પોલીસની હાજરી ઓછી જણાતી હતી.
- શહેરના માર્ગો પર સવાર સાંજ ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા.
- પાકિટ અને મોબાઈલ ચોરીની ફરિયાદો ઉઠવા પામી હતી જેમાં એક અગ્રણી અખબારના પત્રકાર પણ પીંક પોકેટીગનો ભોગ બન્યા હતા.
- ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસના હોદેદારો-કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.
- સભા પૂર્ણ થયા બાદ કાર્યકરો અલ્પેશ ઠાકોરનું હોંડીંગ્સ લઈને વિજય સરઘસ નીકાળ્યું હોય તેમ વાજતે ગાજતે જઈ રહ્યા હતા.
- જનાદેશ સંમેલન શાંતિપૂણ માહોલમાં સંપન્ન થયું હતું.

## મુક્તિધામમાં વધુ એક કોબ્રા નીકળ્યો

ગાંધીનગરના સેક્ટર-૩૦ ખાતેના સ્મશાન 'મુક્તિધામ' ખાતે છેલ્લા એક માસ દરમ્યાન ૧૦ જેટલા સરિસૃપ નીકળવા પામ્યા હતા. જેમાં માત્ર ૧૨ દિવસમાં સતત ત્રીજીવાર કોબ્રા સાપ નીકળતા ભારે કુતુહલ ફેલાયુ હતુ. જો કે મુક્તિધામના મેનેજર વિજયભાઈ ચૌધરી તથા અન્ય સ્ટાફ દ્વારા જીવદયાપ્રેમી



અને સ્નેક કેચર તુષારકુમારને તાત્કાલિક ફોન કરી જાણ કરતા તેમણે આ ૬ ફૂટના કોબ્રાને સલામત રીતે પકડી સહીસલામત રીતે જંગલમાં છોડી મુક્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા એક માસમાં મુક્તિધામ ખાતે નીકળેલા સરિસૃપોમાં ધમણ, આંધળી ચાકણ અને કોબ્રા જેવા સાપોનો સમાવેશ થાય છે.

## રાજ્ય સરકારના ૧૮ જેટલા બોર્ડ નિગમોના અધ્યક્ષો-સભ્યોની નિમણૂંક

ગાંધીનગર, તા. ૨૩

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્ય સરકારના વિવિધ ૧૮ જેટલા બોર્ડ નિગમોના અધ્યક્ષો તેમજ સભ્યોની નિમણૂંક કરી છે.

બોર્ડ નિગમોમાં નવનિયુકત અધ્યક્ષ અને સભ્યોની વિસ્તૃત યાદી આ મુજબ છે

| બોર્ડ-નિગમનું નામ | અધ્યક્ષશ્રી | સભ્યો |
|---|---|---|
| ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | શ્રી નરેન્દ્ર સોલંકી | |
| ગુજરાત ઘેટા અને ઉન વિકાસ નિગમ | શ્રી ભવાનભાઈ ભરવાડ | |
| ગુજરાત સિવિલ સપ્લાય કોર્પોરેશન | શ્રી રાજેશ પાઠક | મહેન્દ્રભાઈ દરજી, રામકુભાઈ ખાચર (થાનગઢ), શ્રી પ્રતાપ કોટક |
| ગુજરાત રાજ્ય પોલિસ આવાસ નિગમ | શ્રી ડી.ડી. પટેલ | |
| ગુજરાત હાઉસીંગ બોર્ડ | શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા | |
| ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ્ય ટેકનોલોજી સંસ્થા | શ્રી દલસુખ પ્રજાપતિ | સર્વશ્રી મુકેશભાઈ પ્રજાપતિ, મોહનભાઈ વાડોરીયા, વીણાબેન પ્રજાપતિ, સુરેશ પ્રજાપતિ, દેવેન્દ્ર પ્રજાપતિ (ગાંધીનગર) |
| ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ | શ્રી કુશળસિંહ પઢેરીયા | સર્વશ્રી ચીથરભાઈ પરમાર, અશોકભાઈ પરદેશી, અશોકભાઈ ડગ્ગર, વર્ષાબેન રાણા, મહાદેવભાઈ રબારી, વિજયભાઈ વણઝારા, મોમૈયાભાઈ ગઢવી, અશોકભાઈ ગોહિલ, સરદારભાઈ ઓડ, ભરતભાઈ ગોડલીયા |
| ગુજરાત ગ્રામ્ય ઉદ્યોગ બજાર નિગમ લિ | શ્રી મેઘજીભાઈ કણજારિયા | |
| ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ | શ્રી બળવંતસિંહ રાજપુત | શ્રી પેથાભાઈ આહિર, હેમંત પરસોડા |
| ગુજરાત રાજ્ય બીજ નિગમ | શ્રી રાજશી જોટવા | |
| ગુજરાત વેર હાઉસિંગ કોર્પોરેશન | શ્રી મગનભાઈ માળી | |
| બેચર સ્વામી અતિપછાત જાતિ વિકાસ બોર્ડ | શ્રી ગૌતમ ગેડીયા | |
| સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના ગુજરાત ક્ષેત્ર | શ્રી સરદારસિંહ બારૈયા | |
| વિચરતી વિમુકત જાતિ નિગમ | શ્રી લક્ષ્મણ પટણી | |
| ગુજરાત મેરિટાઈમ બોર્ડ | - | શ્રી કિશોર કુહાડા |
| ગુજરાત હાથશાળ અને હસ્તકળા વિકાસ નિગમ | શ્રી શંકરભાઈ દલવાડી | |
| ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગ આયોગ | અધ્યક્ષ શ્રી હંસરાજભાઈ ઘુસાભાઈ ગજેરા | |
| | ઉપાધ્યક્ષ રશ્મિભાઈ પંડયા | સર્વે શ્રી, નરેન્દ્રભાઈ શાહ, હસુભાઈ ભગદેવ, પ્રદિપસિંહ વાઘેલા |
| ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગ શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ | અધ્યક્ષ બી. એચ. ઘોડાસરા ઉપાધ્યક્ષ વિમલ દિનેશચંદ્ર ઉપાધ્યાય | સર્વે શ્રી રૂપીન પચ્ચીગર, કરણસિંહ ચાવડા, હિમાંશુ ખમાર, જગદીશ ભાવસાર, શ્રીમતી અમીબેન પરીખ |





જનાદેશ મહાસંમેલનમાં ઉમટી પડેલ જનમેદનીને પગલે ઠંડા પીણા, આઈસ્ક્રિમ, ચા-નાસ્તાની રેકડીઓવાળા વેપાર કરવા રામકથા મેદાન ખાતે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ચા-નાસ્તાની લારીઓ પર ભારે ભીડ જોવા મળી હતી. જ્યારે પાણીની બોટલ તેમજ પાઉચ બપોર સુધીમાં મોટાભાગના વેપારીઓ પાસે ખલાસ થઈ ગયા હતા. જેથી ઠંડુ પાણી પીવા માટે પણ કાર્યકરોને દૂરદૂર સુધી જવાની ફરજ પડી હતી.

## રાજ્યની વીજ વિતરણ કંપનીઓના એન્ટ્રી લેવલના કર્મચારીઓને અરસ-પરસ બદલીનો એકવાર લાભ

ગાંધીનગર, તા. ૨૩

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ અને તેની ચાર વીજ વિતરણ સબસીડીયરી કંપનીઓના વર્ગ-૨, ૩ અને ૪ ના કર્મયોગીઓ માટે એક વખત અરસ-પરસ બદલી અંગેની નીતિને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

આ અરસ-પરસ બદલીઓ રોસ્ટર પોલિસી અને સીનિયોરિટીને ધ્યાને રાખીને કરવામાં આવશે. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ દ્વારા આવી અરસ-પરસ બદલીઓ અંગે એક ઓનલાઈન વેબ પોર્ટલ તૈયાર કરાશે અને બદલી મેળવવા ઈચ્છુક કર્મયોગીઓ આ પોર્ટલ પર તેઓની અરજી રજીસ્ટર્ડ કરાવી શકશે.

આ પોર્ટલમાં અરજી કરવા માટે નિયમાનુસાર પરિપત્ર થવાની તારીખથી ત્રણ માસનો સમયગાળો રાખવામાં આવ્યો છે.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમની આ વીજ વિતરણ સબસિડીયરી કંપનીઓમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની, મધ્ય ગુજરાત વીજ કંપની, ઉત્તર ગુજરાત વીજ કંપની અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.નો સમાવેશ કરવામાં આવ્યો છે.

રાજ્ય સરકારે અરસ-પરસ બદલી અંગે કરેલા આ સૈદ્ધાંતિક નિર્ણયને પરિણામે વીજ વિતરણ કંપનીઓમાં ફરજો બજાવતા બે થી અઢી હજાર કર્મયોગીઓની સામાજિક અને કૌટુંબિક મુશ્કેલીઓનું નિવારણ આવશે.

## ગુજરાત ચૂંટણીમાં કોંગ્રેસને સપાનો સાથ, પ્રચાર કરવા તૈયાર અખિલેશ

અમદાવાદ, તા. ૨૩

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ એ પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે મીડિયા સાથે વાતચીત કરી. અને તેમણે કહ્યું છે કે જો કોંગ્રેસ ઈચ્છે તો ભાજપ વિરૂદ્ધ ગુજરાત ચૂંટણીમાં પણ મિત્રતા જળવાઈ શકે છે. અખિલેશે કહ્યું કે જો તેમણે આમંત્રણ આપવામાં આવશે તો તેઓ ગુજરાતમાં આવીને ચૂંટણી પ્રચાર કરવા પણ તૈયાર છે.

ગુજરાતમાં સપા પ્રદેશ અધ્યક્ષને જ ચૂંટણી સંબંધિત નિર્ણય લેવાની અખિલેશે જવાબદારી સોંપી છે. ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીએ ગઠબંધન કર્યું હતું. અને ત્યારબાદ રાહુલ અને અખિલેશે સાથે ચૂંટણી પ્રચાર કર્યો હતો. જો કે ઉત્તર પ્રદેશમાં મોદીનો જાદૂ ચાલી ગયો. અને ભાજપને સત્તા મળી.

### અવાજને દબાવી... ● પહેલા પાનાનું ચાલુ

તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે મેઈક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા સહિતના તમારા તમામ પ્રોગ્રામ નિષ્ફળ સાબિત થયા છે. શાસકનું કામ પ્રજાની વાત સાંભળી તેમની શક્તિઓને યોગ્ય દિશામાં વાળવાનું કામ છે. આ માટે મૌન રહેવુ પડે અને દિલની વાત સાંભળવી પડે. શક્તિઓને પ્રોત્સાહિત કરો પણ અવાજને દબાવવા, કચડવા કે ખરીદવાનો પ્રયાસ ના કરો.

ગુજરાતમાં અમારી સરકાર આવશે તો તમામ વર્ગોની સરકાર હશે અને સૌનું ધ્યાન રાખશે. ૨૦૧૭ આ ચુનાવ ભાજપકો ખતરા એવુ સૂત્ર હમણાં બોલાતુ હતુ અને અલ્પેશે પણ એ નાટો જ આપ્યો છે. "૨૦૧૭ કા ચુનાવ ભાજપ કો ખતરા..." આજની આ સભામાં રાહુલે જય શાહની કંપનીનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો અને પ્રધાનમંત્રીના આ મુદ્દે મૌનને લઈ પ્રશ્નાર્થ કર્યો હતો. ગુજરાતના પ્રભારી અશોક ગેહલોતે પણ ટુંકુ સંબોધન કર્યુ હતુ. ઠાકોર સેનાના અલ્પેશ ઠાકોરે જણાવ્યુ હતુ કે ગુજરાતમાં અમે આ વખતે સરકાર બનાવીશુ રોટલો મરચુ ખાઈને પણ સરકાર બનાવીને ઝંપશુ. ઠાકોરે જણાવ્યુ હતુ કે ગુજરાતની પ્રજા પરિવર્તન ઈચ્છી રહી છે. પ્રમુખ ભરતસિંહ સોલંકીએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ. ગુજરાતમાં ચાલી રહેલા આંદોલનોને વ્યાજબી ગણાવ્યા હતા. વિધાનસભા વિપક્ષના નેતા મોહનસિંહ રાઠવાએ આભારવિધિ કરી હતી.

### ટીમ જાહેર... ● પહેલા પાનાનું ચાલુ

પોતાની જગ્યાને જાળવી રાખવામાં સફળ રહ્યો છે. કુશળ સ્પીનર કુલદીપ યાદવને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. જ્યારે ઉમેશ યાદવ, મોહમ્મદ સામી, ભુવનેશ્વર કુમાર અને ઈશાંત શર્મા ઝડપી આક્રમણની જવાબદારી સંભાળનાર છે. ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા પાંચમા વિકલ્પ તરીકે રહ્યો છે. શ્રેણી માટે રહાણેને વાઈસ કેપ્ટન બનાવી દેવામાં આવ્યો છે. મુરલી વિજયે છેલ્લે માર્ચ મહિનામાં ટેસ્ટ મેચ રમી હતી. રાઈટ રિસ્ટમાં ઈજા થવાના કારણે તે શ્રીલંકામાં ત્રણેય ટેસ્ટ મેચમાં રમી શક્યો ન હતો.

વિરાટ કોહલી (કેપ્ટન), કુલદીપ યાદવ, અશ્વીન, રવિન્દ્ર જાડેજા, ભુવનેશ્વર કુમાર, મોહમ્મદ સમી, ચેતેસ્વર પુજારા, રહાણે, કેએલ રાહુલ, રિદ્ધીમાન સહા (વિકેટકિપર), ઈશાંત શર્મા, શિખર ધવન, ઉમેશ યાદવ, મુરલી વિજય અને હાર્દિક પંડ્યા ● ભારતીય ટ્વેન્ટી ટીમ : વિરાટ કોહલી (કેપ્ટન ), શિખર ધવન, રોહિત શર્મા, લોકેશ રાહુલ, મનીષ પાન્ડે, શ્રેયસ અય્યર, દિનેશ કાર્તિક, મહેન્દ્ર સિંહ ધોની, હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ, યુજવેન્દ્ર ચહલ, કુલદીપ યાદવ, જશપ્રિત બુમરાહ, ભુવનેશ્વર કુમાર, આશીસ નહેરા, મોહમ્મદ સિરાઝ

### મુખ્ય ચૂંટણી કમિશનર એકે જોતીએ કર્યો ખુલાસો

## ગુજરાતમાં ચાલી રહેલ પૂરરાહત કામગીરીને કારણે ચૂંટણી પાછી ઠેલાઈ !!!

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતમાં ચાલી રહેલી પૂરરાહત કામગીરી સહિતનાં વિવિધ પરિબળોને કારણે ચૂંટણી પંચે વિધાનસભાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો નથી, મુખ્ય ચૂંટણી કમિશનર એ.કે.જોતીએ કહ્યું. મુખ્ય ચૂંટણી કમિશનર એ.કે.જોતીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ચાલી રહેલી પૂરરાહત કામગીરી સહિતનાં વિવિધ પરિબળોને કારણે ચૂંટણી પંચે વિધાનસભાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો નથી.

તો આ વિષે જોતીએ જણાવ્યું હતું કે, જો હિમાચલ પ્રદેશની સાથે ગુજરાતની ચૂંટણી જાહેર કરી દેવાઈ હોત તો રાજ્યમાં તાત્કાલિક આચાર સંહિતા લાગુ થઈ જાત, જેને કારણે કર્મચારીઓને ચૂંટણીલક્ષી કામગીરીમાં તહેનાત કરાતાં રાજ્યના સાત પૂરગ્રસ્ત જિલ્લામાં ચાલી રહેલી રાહત અને પુનર્વસનની કામગીરી પર વિપરીત અસર પડી હોત.

મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું હતું કે, ગુજરાતમાં જુલાઈ-ઓગસ્ટમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. મધ્ય સપ્ટેમ્બર બાદ પુનર્વસનની કામગીરી શરૂ થઈ શકી હતી. ગુજરાતનાં પૂરમાં ફક્ત મકાનોને નુકસાન પહોંચ્યું નથી, સડકોને પણ વ્યાપક નુકસાન થયું છે.

નર્મદાની મુખ્ય કેનાલને પણ નુકસાન થયું છે. કેનાલ પર ૧૭ બ્રિજ આવેલા છે. પૂરને કારણે કેનાલમાં પાણી બંધ કરી દેવાયુંહતું. આ કેનાલનો ઉપયોગ સાત જિલ્લામાં સિંચાઈ અને પીવાનું પાણી આપવામાં કરાય છે.